સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

શિક્ષણ તો હવે માત્ર 'ક્રિયાકાંડ' થઈ ગયો છે!
ને ફી નો તડાકો તો હવે 'ખંડણી' થઈ ગયો છે!
થઈ રહ્યો છે તમાસો, તંત્ર જુએ મદારી બની -
અલીબાબાઓ ! કોર્ષ 'ચાલીસ ટકા' થઈ ગયો છે!
(કરી નાખો વેઠ!)

હાઈકુ

પરીક્ષા વિધિ !
લ્યો ! કરી દીધી પૂરી !!
આપો દક્ષિણા!
(શિક્ષણના ગોરમારાજો)

મારી છ ઘૂસ
ઔટલેન વાળાએ -
ઓન-લાઈન...
(શિક્ષણમાં ભ્રષ્ટાચાર)

ચિંતન

यद्भावि न तद् भावि चेत्र तद्न्यथा ।
ईति चिन्ताविषघ्नोऽयं बोधो भ्रमनिवर्तकः ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

આ સંસારમાં પ્રત્યેક મનુષ્ય નાની-મોટી ચિંતાઓથી હંમેશા ઘેરાયેલો હોય છે ચિંતા અનેક પ્રકારની હોય છે. આપણી પાસે જે વસ્તુ નથી. તે પ્રાપ્ત કરવાની ચિંતા અને જે છે, તેને સાચવીને તેનું રક્ષણ કરવાની ચિંતા પણ આપણને પજવતી હોય છે. તો પછી હવે પ્રશ્ન એ થાય છે કે આ ચિંતામાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય ખરો? ચિંતામુક્તિનો ઉપાય બતાવતા કહેવામાં આવ્યું છે કે 'જે નથી થવાનું તે કયારેય નથી થવાનું, જે થવાનું છે તેને કોઈ રોકી શકતું નથી કે તેને કોઈ બદલી શકતું પણ નથી. જો આટલી વાત સમજાઈ જાય પછી બધા જ પ્રકારના ભ્રમ દૂર થઈ જશે અને ચિંતારુપી વિષને તે દૂર કરી દેશે.'

સુવિચાર

- રાહ સંઘર્ષ કી જો ચલતા હૈ, વોહી સંસાર કો બદલતા હૈ,
  જિસને રાતો સે જંગ જીતી હૈ, સૂર્ય બનકર વહી નિકલતા હૈ - **હરીસિંહ**
- આગળ વધવાની પાત્રતા કેળવનાર, પછાડીને આગળ વધવાનો વિચાર સુદ્ધાં કરતાં નથી? - **જનકલ્યાણ**
- ગુણગ્રાહી બનો, તમે પણ ઠરશો અને બીજા પણ ઠરશે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે - દિવસને વધારનારા અને દિવસને વધેરનારા - **અમૃતકુંભ**
- માણસ પોતે બોલે તે પ્રચાર અને માણસનું કામ બોલે તે ચારિત્ર્ય - **ભૂપત વડોદરિયા**
- માણસ પોતે જ પોતાના મનનો ગુલામ થઈ હાથકડીઓ પહેરીને ઘૂમે છે અને પછી ફરિયાદ કરે છે કોઈને મારી આઝાદી મંજૂર નથી - **રામનારાયણ પાઠક**
- આજનું ઔષધ : બીલીનો ગર્ભ સાકર મિશ્રિત દૂધ સાથે ચાલીસ દિવસ સુધી લેવાથી સંગ્રહણીમાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શિષ્યએ ગુરુને કહ્યું, ગુરુદેવ, મને ગુસ્સો બહુ આવે છે. મગજ પર કાબુ નથી રહેતો અને વધારે પડતું બોલાઈ જાય છે. શું કરવું ?? ગુરુએ કહ્યું, પેલા લીમડાના ઝાડ નીચે ઘણાં બધા સૂકા પાન પડ્યા હશે. સાથે સાથે પક્ષીઓનાં પીછાં પણ હશે. તે બધા એક સુંડલામાં ભેગા કરો અને પછી તેને ચાર રસ્તે મૂકી આવો. શિષ્યે ગુરુની આજ્ઞા પ્રમાણે કર્યું. શિષ્ય પાછો આવ્યો ત્યારે ગુરુએ કહ્યું, 'હવે પાછા ચાર રસ્તે જાવ અને બધા જ પાંદડાં અને પીછાં મારી પાસે લઈ આવે. એક પણ પાન કે પીછું છૂટવું ન જોઈએ.' શિષ્ય પાછો ગયો. પેલા ઢગલામાંથી અડધાથી વધુ પીંછા અને પાન હવામાં ઊડી ગયા હતા. લગભગ પોણો સૂંડલો ખાલી લઈ શિષ્ય ગુરુ પાસે આવ્યો. ગુરુએ કહ્યું, 'જો ભાઈ, ગુસ્સામાં આવું જ થાય. પછી આપણે ઈચ્છીએ તો પણ શબ્દોના તીર નીકળી જાય. પછી આપણે ઈચ્છીએ તો પણ શબ્દો પાછા હાથમાં ન આવે. બોલાય પછી તે વાક્ય હવામાં વહેતું થઈ ગયું છે. પાછું નહીં આવે. હા, ભૂલ કર્યા પછી માફી માંગી શકાય પણ કોઈને એક વાર હર્ટ કરો તો તેના મનમાં ખટકો કાયમ માટે રહી જાય છે. જયારે આપણે ગુસ્સામાં કઈ બોલતા હોઈએ છીએ ત્યારે સરવાળે આપણે વધારે હર્ટ થતાં હોઈએ છીએ, તો પછી પોતાને જ દુ:ખ દેખાવો શો અર્થ ??' શિષ્યને ગુરુની વાત સમજાઈ ગઈ.

એનડીએ નબળું પડે છે...

તંત્રીસ્થાનેથી...

પ્રારંભિક અવઢવ પછી અકાલી દળે ખેતપેદાશો વિશેનાં ત્રણ વિધેયકોના વિરોધમાં કેન્દ્ર સરકારમાંથી પ્રતિનિધિત્વ પાછું ખેંચી લીધું છે. હરસિમનર કૌર મૌદી સરકારમાં અકાલી દળ અને પંજાબનું પ્રતિનિધિત્વ કરનારાં બાદલ પરિવારનાં મહિલા મંત્રી હતાં. એમણે કેન્દ્રીય મંત્રીમંડળમાંથી રાજીનામું આપતાં કહ્યું છે કે પોતે મોદી સરકારને ખેડૂતોની વાત પહોંચાડવા ઘણી કોશિશ કરી પરંતુ કદાચ મારો અવાજ એના કાન સુધી ન પહોંચી શક્યો. હું ખેડૂતોની દીકરી છું, બહેન છું અને મારા ખેડૂતો ખાતર હું કોઈ પણ ભોગ આપી શકું છું. એકાએક મોદી સરકારમાંથી મંત્રીપદ છોડવાની નોબત આવી એની પાછળ પંજાબમાં આગામી વર્ષોમાં આવનારી વિધાનસભાની ચૂંટણી છે. અકાલીદળ છેલ્લાં બે સત્રોથી સતત સત્તાની બહાર રહ્યું છે અને પટિયાળાના રાજવી - વર્તમાન મુખ્યમંત્રી કૅપ્ટન અમરિંદર સિંહ હેટ્રિક લગાવે તેવી પૂરી સંભાવના છે. પંજાબમાં કોંગ્રેસ કોઈ સોનિયા-રાહુલના પ્રભાવથી નહીં પરંતુ અમરિંદરસિંહની પ્રજાલક્ષી રાજનીતિને કારણે સત્તા પર આવતી થઈ હતી. નહીંતર સંત ભિંડરાંવાલે સહિત ખાલિસ્તાની આતંકવાદીઓને હરમિંદર સાહેબ (સુવર્ણમંદિર)માં ઘૂસી ઠાર માર્યા એ પછી સમસ્ત શીખ સમુદાય કોંગ્રેસને કયારેક વોટ નહીં આપવાની કસમ ખાઈ બેઠો હતો. ઈંદિરા ગાંધીની હત્યા એ હરમિંદર સાહિબના અપમાનનો બદલો હતો અને એ પછી થયેલ શીખોના નરસંહાર પછી તો શીખો કોંગ્રેસને કટ્ટર શત્રુ બની ગયા હતા. આમ છતાં, ધર્મના નામે રાજનીતિ કરવું અકાલી દળ પંજાબમાં એનો વક્કર ગુમાવતું રહ્યું અને વિશેષ તો ગુરુચરનસિંહ તોહરા અને પ્રકાશસિંહ બાદલની ચિરવિદાય પછી અકાલીદળનો પ્રભાવ માત્ર પંજાબના માલવા પંથક પૂરતો સીમિત થઈ ગયો હતો. અરુણ જેટલી જેવા પાર્ટીના વરિષ્ઠ નેતા અકાલીદળના ટેકાથી એનડીએના ઉમેદવાર તરીકે અમૃતસર સંસદીય ક્ષેત્રમાંથી ભાજપના નિશાન પર ચૂંટણી લડવા ગયા ત્યારે અત્યારના કોંગ્રેસી મુખ્યમંત્રી સામે ખરાબ રીતે હારી ગયા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવારને અકાલીદળની સરખામણીમાં પંજાબી મતદાતાઓનો વિશેષ ટેકો મળવા લાગ્યો હતો. આમ એનડીએના જૂનામાં જૂના ગઠબંધન સાથી પક્ષે ચૂંટણીના મેદાનમાં વજૂદ ગુમાવ્યું એથી સ્વાભાવિક રીતે જ ભારતીય જનતા પાર્ટીને એની સાથે ગઠબંધન કરીને પંજાબની ચૂંટણીઓ લડવામાં ખોટનો ધંધો દેખાવા લાગ્યો હતો. ગઠબંધન ધર્મ નિભાવવા પૂરતું અકાલીદળને બટકું નાખી રાજી રાખવાની ઉદારતા ભાજપે બતાવી હતી પણ હવે કદાચ એને સ્પષ્ટ સમજાઈ ગયું છે કે વજૂદ ગુમાવી બેઠેલી પ્રાદેશિક પાર્ટી સાઠે ગઠબંધન કર્યા વગર બધી બેઠકો સ્વતંત્ર રીતે લડવામાં ભાજપને રાજકીય દૃષ્ટિએ વધારે ફાયદો થઈ શકે એમ છે. આથી વાજપેયી - અડવાણીના જમાનાની ગઠબંધનમાં સામેલ પાર્ટીઓ સાથે ભાજપ ધીરે ધીરે એક અંતર બનાવી રહ્યું છે અને એકલા હાથે પાછલાં વર્ષો દરમિયાન થયેલ લોકસભાની બેઉ ચૂંટણીઓમાં સ્પષ્ટ બહુમતી મેળવી લીધેલ હોઈ આવા પ્રાદેશિક પક્ષોની આળપંપાળ કરવાની જરૂર નથી એવો એક અભ્યાસ અને અહેસાસ નરેન્દ્ર મોદીને એકલા હાથે મહારાષ્ટ્રની જેમ પંજાબ, ઓડિશા અને બિહાર જેવાં રાજયોમાં પણ ચૂંટણી લડવાની ચાનક ચડાવે તે સમજી શકાય એવું છે. ભારતીય જનતા પાર્ટીને કેટલાંક રાજયોમાં પ્રાદેશિક પાર્ટીઓની આંગળી પકડીને પ્રવેશ મેળવવો પડેલો, તે સમયે ગઠબંધન અનિવાર્ય હતું. શિવસેના અને અકાલી દળ એનાં જ્વલંત ઉદાહરણ છે. શિવસેનાએ ભાજપના આ વલણને પારખી લઈ વિરોધી વિચારસરણી ધરાવતી કોંગ્રેસી અને એનસીપી જેવી પાર્ટીઓ સાથે મળી સરકાર રચી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રાજકીય કદ સતત વધતું રહ્યું છે અને વૈશ્વિક રાજકારણમાં એમના પ્રભાવને લીધે તથા દેશમાં એમના બરનો કોઈ પ્રતિસ્પર્ધી નેતા નહીં હોવાને કારણે આગામી સમયગાળામાં 'એનડીએ'ના નામે ભાજપે ભેગી કરેલી 'ભંજૂર' ધીરે ધીરે છૂટી પડતી જશે એ નક્કી છે.

બંધારણની કલમ-૧૬(૪) મુજબ અનામતનો અમલ કરવા રાજ્ય સરકાર બંધાયેલ નથી : સુપ્રીમ કોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતના બંધારણમાં નોકરીનો તક અંગે સમાનતા સ્વીકારવામાં આવી છે. બંધારણમાં દરેક વ્યક્તિને નોકરીની તકમાં સમાનતા મળે તેવી જોગવાઈ રાખવામાં આવી છે. આ માટે બંધારણની કલમ-૧૬(૪) મુજબ કોઈ નાગરિક ફક્ત જાતી, ધર્મ, લિંગ, કુળ, જન્મસ્થાન, નિવાસ અથવા એમાંના કોઈ એક કારણસર રાજ્ય સરકારની તાબાની કોઈ નોકરી અથવા હોદ્દા માટે અપાત્ર ગણવામાં આવશે નહી તેવી બંધારણમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

આથી રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ પણ હોદ્દાની નિમણૂક માટે તમામ નાગરિકોને માટે સમાન તક રહેશે.

જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા હોવી જરૂરી

સુપ્રિમ કોર્ટમાં ચાલતી પીટીશનમાં આ અંગે ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટની બેંચે જણાવ્યું છે કે, નોકરીઓ અને પ્રમોશનમાં અનામતનો અમલ કરવા રાજ્યો બંધાયેલા નથી. પ્રમોશનમાં અનામત ક્વોટાની માંગણી કે દાવો કરવો એ મૂળભૂત અધિકારની વિરૂધ્ધ છે. ના. સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે સરકારી નોકરીઓ કે પ્રમોશનમાં ST., SC. કે OBC ને અનામત ક્વોટાનો લાભ આપવા રાજ્યો કે રાજ્ય સરકાર બંધાયેલ નથી.

પ્રમોશનમાં અનામતનો વ્યક્તિગત દાવો કરવાની બાબતમાં પણ જણાવેલ કે આ મુદ્દો પણ બંધારણીય મૂળભૂત અધિકાર નથી. તેથી સુપ્રિમ કોર્ટે રાજ્યો માટે કોઈ આદેશ કે સૂચના પીટીશન લગત જારી કરવાનો ઈન્કાર કરેલ છે.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ એલ. નાગેશ્વરરાવ અને જસ્ટીસ હેમંત ગુપ્તાની બેંચે ઉપરોક્ત ચુકાદો આપતા ઠરાવ્યું હતું કે એલ.જે.પી. કરતા ચિરાગ પાસવાને સુપ્રિમ કોર્ટના ચુકાદાને અમાન્ય ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે આ બાબત પૂના એક્ટ ની વિરૂધ્ધ છે.

પરંતુ ઉત્તરાખંડ હોઈકોર્ટે રાજ્ય સરકારને પ્રમોશનમાં અને નોકરીમાં અનામતનો લાભ આપવા જણાવ્યું હતું. જે મુજબ ઉત્તરાખંડ સરકારે તમામ સરકારી નોકરીઓમાં અનૂસુચિત જાતિ, અને અનૂસુચિત જનજાતિ માટે અનામતની જાગવાઈઓનો અમલ કર્યા સિવાય ૫ સપ્ટે. ૨૦૧૨ના રોજ રાજ્યની તમામ ખાલી જગ્યાઓ ઉપર ભરતી પ્રકિયા કરી હતી. સરકારના આ નિર્ણયને ઉત્તરાખંડ હાઈકોર્ટે ખોટો ઠરાવતા કરવામાં આવેલી એસ.સી., એસ.ટી. કેટેગરીમાં અનામતના લાભ આપવા રાજ્ય સરકારને આદેશ કરવામાં આવ્યો હતો જેને રાજ્ય સરકારે સુપ્રિમમાં પડકારતા સુપ્રિમ કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટેના ચુકાદાને રદ ઠરાવ્યો હતો.

ભારતના બંધારણની કલમ-૧૬(૪) અને ૧૬(૪છ)માં જણાવ્યા મુજબ અનામતની ફક્ત જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ અનામતનો દાવો કરવા માટે કે લાભ મેળવવા માટે તેને મૂળભૂત બંધારણીય અધિકાર ગણી શકાય નહિ. આ દલીલો સાથે સંમતિ દર્શાવી ના. સુપ્રિમકોર્ટે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર પાસે જો ભરતીમાં પૂરતી સંખ્યા ના હોય તો તેવા સંજોગોમાં જ તે નોકરીઓ અને પ્રમોશનમાં એસ.સી. માટે અનામતનો લાભ આપી શકે છે, પરંતુ રાજ્યો માટે અનામતનો ક્વોટાનો અમલ કરવો એ ફરજીયાત બાબત નથી. પ્રમોશનમાં અનામતનો લાભ આપવા માટે ગુણવત્તા કે પાત્રતા ધરાવતા લોકોના ડેટા એકઠા કરવામાં હાઈકોર્ટના આદેશને પણ સુપ્રિમની બેન્ચે ખોટો અને ખામીયુક્ત ઠરાવી રદબાતલ ઠરાવ્યો હતો.

બંધારણની કલમ-૧૬(૪)(૩) મુજબ રાજ્યના અભિપ્રાય પ્રમાણે રાજ્ય સરકાર હેઠળની નોકરીમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા અનુ.જાતિ અને અનુ. જનજાતિના ઉમેદવારો માટે રાજ્યની સેવાની કોઈ જગ્યા કે જગ્યાઓ ઉપર બાબતમાં જોગવાઈ કરવામાં રાજ્યને આ કલમનો કોઈ બાધ નડશે નહી તેવી સ્પષ્ટ જોગવાઈ બંધારણમાં કરવામાં આવેલ છે જેનો ઉપરવટ જઈ કોઈપણ હાઈકોર્ટ નિર્ણય ના કરી શકે.

કોઈ ધાર્મિક અથવા સાંપ્રદાયિક સંસ્થાના કામકાજ સંબંધમાં હોદ્દો ધરાવનાર અથવા તેવી સંસ્થાના સંચાલક મંડળને અમુક ધર્મ અથવા સંપ્રદાયનો હોવો જોઈએ એવી જોગવાઈવાળા કોઈ કાયદાના અમલને આ કલમનો બાધ નડશે નહી.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧
- into@trivediassociates.in

રિપોર્ટમાં લખાઈને આવ્યું, 'લાગણીનું ખંડેર'... હવે ડૉકટર પણ લાચાર !!

રિપોર્ટમાં લખાઈને આવ્યું,
'લાગણીનું ખંડેર'
હવે ડોકટર પણ લાચાર !!

- પારસ એસ હેમાણી

વૈશ્વિક મહામારીના આ કોરોના કાળમાં ભારત જેવા લાગણીશઈલ દેશમાં પણ લાગણી અને હૂંફની ભીનાશનું સ્થાન ભય અને આશંકાની સ્વકેન્દ્રી અવસ્થાએ લઈ લીધું છે. આપણે ત્યાં માણસ બિમાર હોય ત્યારે પરિવારને આર્થિક અને માનસિક બંને રીતે મદદરુપ બનવાની પ્રથા વર્ષોથી ચાલી આવે છે. 'ખબર પૂછવા' જવાનું આપણે ત્યાં રીતસર એક પરંપરા જેવું જ ચાલતું આવ્યું છે. ફળો કે ફૂલ લઈને બિમાર વ્યક્તિની ખબર પૂછવા જનાર માંદા માણસને સ્પર્શરુપી હૂંફનો પણ અહેસાસ કરાવે છે. પરંતુ, આ વખતે કોરોનાએ આ આખીએ આપણી રીતભાત અને પરંપરાને જ બદલાવી દીધી છે. કોરોના થાય એ વ્યક્તિની બહારના તો ઠીક ઘરના સભ્યોએ પણ અંતર જાળવવું પડે છે. મને-કમને દર્દીને એકલી જ રાખવી પડે છે. અને માટે જ આ રોગ શારીરિક પ્રહારની સાથોસાથ માનસિક રીતે પણ વ્યક્તિને ક્ષુબ્ધ બનાવી દે છે. કવિ કિશોર જિકાદરા લખે છે તેમ :

'મરણતોલ એ ઘાવ સહે છે મૂંગો મોંએ,
ચિત્કાર છે, સ્હેજ અડો જો આળા વચ્ચે.
મળવાનું જો થાય કદી તો જાણી લેજો,
હસતું મોઢું કેમ રહે કંટાળા વચ્ચે.'

આપણે આ મહામારીમાંથી થોડા વર્ષોમાં બહાર આવી જઈશું પણ આપણા મન પર પડેલા ઊંડા ઘાવ કદાચ કયારેય નહીં રુઝાય. 'કોરોના' આપણા જીવનને એક નવા જ દૃષ્ટિકોણથી જીવતાં શીખવે છે. આપણે થોડા વધુ સંવેદનશીલ બની શકીએ, આપણી પાસે જે સમય છે તે લાગણીઓને અભિવ્યક્ત કરવામાં વધુ સારી રીતે વીતાવી શકીએ તો જ આપણો આ મનુષ્યજન્મ સાર્થક બન્યો ગણાય.

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

આપણે સૌએ પોતાનામાં ડોકિયું કરવાનું અને વિચારવાનું છે કે મહામારીના આ સમયમાં ચારેબાજુ જયાં ફરિયાદ અને તકલીફો જ દેખાઈ રહી છે ત્યાં કોઈને કોઈ રીતે આપણાથી સકારાત્મક વલણ કઈ રીતે અપનાવી શકાય તેનો વિચાર કરીએ. કયારેક એક નાનકડું સ્મિત, હૂંફાળો સ્પર્શ, રડવા માટેનો ખભો, અંદરના ખાલીપામાં એક નવો આવકાર, આવું આપણાથી જે બને એ કરીએ તો જ આપણે સમાજને વધુ સંવેદનશીલ બનાવી શકીશું. વિનોબાજી (વિનોબા બાવે) લખે છે તેમ;

'આપણે જો કોઈની નિંદા સાંભળીએ, તો એમ સમજવું કે કંઈક ગેરસમજ થઈ છે. સગા કાનનોયે ભરોસો ન કરવો. કહેવા - સાંભળવામાં કેટલીયે ભૂલો થઈ જતી હોય છે. એક જણ ભાવનાથી બોલે છે, ને બીજો અન્ય ભાવનાથી સાંભણે છે. એટલે જયારે ગેરસમજ થાય ત્યારે પોતાના માનસિક તર્કનો અવિશ્વાસ કરવો જોઈએ, અને સામી વ્યક્તિ તેનો જે અર્થ કરે તેને જ ખરો માનવો જોઈએ; એ પોતે જે કહે તે જ શ્રેષ્ઠ સાબિતી. માણસ પોતાના દોષ કહેવા માંડે ત્યારે સાંભળવા, કારણ કે તેથી દોષ ધોવાય છે; પણ તેથી એમ ન માનવું કે એવા દોષનો આભાસ તેને થયો છે તો,ચાલો, એનું નિરાકરણ કરવામાં મદદરુપ થઈએ.'

આજે આપણે આ સમગ્ર વિશ્વમાં પ્રેમ અને હૂંફથી જીવનને ભર્યુંભર્યું રાખવાની જરૂર છે. જરૂરિયાત છે. આપણે આપણી ક્ષમાશક્તિને વિકાસવવાની છે. નાનપણમાં જે રીતે સરળતાથી એકબીજાને માફ કરી દેતા એ જ રીતે આજે પણ બધું ભૂલી ફરીથી એકબીજાનો સાથ નિભાવવાની ઘડી આવી પહોંચી છે. આપણા માટે તો ખરું જ પણ આવનારી પેઢી માટે પણ એક વધુ સારા વિશ્વનું નિર્માણ કરવાની આપણા સૌની સહિયારી ફરજ છે.

અણજાણી લિપિ, ભાષા, કિતાબો પઢાય;
ગૂઢા ભાગ્યને વિધે વંચાય રે !
દર ને દાગીના ઝીણું રેણ દે સંધાય;
તૂટ્યા આયખાને શેણેથી તુણાય રે !

- પ્રેમશંકર હ. ભટ્ટ
nehalgadhavi101@gmail.com

પંજાબ - હરિયાણાના ખેડૂતોમાં આક્રોશ અને ચૂંટણીલક્ષી રાજકારણ

અતિતની આજ
ડો. હરિ દેસાઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે ખેતપેદાશો માત્ર કૃષિ પેદાશ વેચાણ સમિતિઓ (એપીએમસી)ને બદલે બહાર પણ વેચી શકવાની સ્વતંત્રતા બક્ષી સ્પર્ધાત્મક ભાવ મળે એ દ્રષ્ટિએ ખેડૂતોના હિતના દાવા સાથે ખેતપેદાશોની ખરીદી અંગેનાં ત્રણ વિધેયક સંસદમાં આણીને દેશભરમાં ભારે અજંપા ભરી સ્થિતિ નિર્માણ કરી છે. બંધારણમાં કૃષિ રાજ્યોના અધિકારમાં આવતી બાબત હોવા ઉપરાંત વેપાર-વાણિજ્ય એ કેન્દ્ર તથા રાજ્યોના સમવર્તી (કનકરંટ) યાદીમાં હોવા છતાં રાજ્યો સાથે ચર્ચા વિચારણા કર્યા વિના જ ખેડૂતોના હિતની આડશે કેન્દ્ર સરકારે ત્રણ વટહુકમ ગત ૫ જૂન ૨૦૨૦ના રોજ બહાર પાડ્યા. ગુજરાતમાં હજુ ખેડૂત આગેવાનો પણ કેન્દ્રની આ નીતિ ખેડૂતોના હિતમાં હોવાનું ગાણું ગાય છે, પણ સત્તારૂઢ ભાજપની ભગિની સંસ્થા ભારતીય કિસાન સંઘનાં પંજાબનાં મહામંત્રી સુશીલા બિશ્નોઈ તો કેન્દ્ર થકી લવાયેલા ત્રણેય વટહુકમને "અસ્વીકાર્ય અને ખેડૂતોના શોષણને નિરંકુશ કરનારા" ગણાવે છે. પંજાબના કોંગ્રેસી મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આ ત્રણેય વટહુકમ ખેડૂત વિરોધી અને પંજાબ વિરોધી હોવા ઉપરાંત બંધારણીય જોગવાઈઓનું પાલન નહીં કરતા હોવાનું જણાવીને એ રદ કરવા આગ્રહ કર્યો. પંજાબ અને હરિયાણાના હજારો ખેડૂતો ભારતીય કિસાન યુનિયનના નેજા હેઠળ આ વટહુકમો વિરુદ્ધ આંદોલન આદરી બેઠા અને એ દેશભરમાં પ્રસરવાના સંજોગો નિર્માણ થયા. કેન્દ્રમાં ભાજપ અને એના જૂના મિત્ર અકાલી દળ માટે સાપે છછુંદર ગળ્યા જેવા સંજોગો સર્જાયા છે. ખેડૂત અને કૃષિપેદાશોને લગતા કેન્દ્ર સરકારે આણેલા ત્રણ વટહુકમોનું હજુ હમણાં સુધી ખુલ્લેઆમ સમર્થન કરનારા અને પંજાબ વિધાનસભામાં પણ એ જ ભૂમિકા લેનારા ભાજપીમિત્ર અકાલી દળને સંસદમાં આ ત્રણ વટહુકમને લગતાં વિધેયક મંજૂર કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એકાએક જ્ઞાન લાધ્યું. પંજાબ અને હરિયાણાના હજારો ખેડૂતો કેન્દ્રની આ સંદર્ભે નીતિરીતિ સામે જંગે ચડ્યા છે તો વર્ષ ૨૦૨૨માં આવનારી વિધાનસભા ચૂંટણીમાં ફરીને પરાજય સહન કરવાનો વારો આવવાનો અકાલી દળને અંદેશો આવ્યો. બાદલ પરિવારનાં કેન્દ્રનાં મંત્રી હરસીમરત કૌરે મંત્રીપદેથી રાજીનામું આપ્યું.

પંજાબ-હરિયાણામાં ખેડૂતપ્રભાવ

જોકે હજુ અકાલી દળ સત્તારૂઢ રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ના ઘટક પક્ષ તરીકે ફારેગ થવાની તૈયારીમાં નથી. એની દ્વિધાપૂર્ણ સ્થિતિમાં પંજાબ ભાજપે તો અકાલી દળથી નારાજ થઈને છૂટા થયેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી સુખદેવસિંહ ઢીંઢસાના જૂથ સાથે નિકટતા કેળવી પંજાબમાં એકલેહાથે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી લડી લેવાની તૈયારી આદરી છે. હરિયાણામાં ભાજપની મનોહરલાલ ખટ્ટર સરકાર જનનાયક જનતા પાર્ટીના દુષ્યંત ચૌટાલાના સહારે ચાલે છે. નાયબ મુખ્યમંત્રી ચૌટાલાએ કુરુક્ષેત્રમાં ખેડૂત આંદોલનકારીઓ પર થયેલા પોલીસ લાઠીમારને વખોડ્યો અને ખેડૂતોની ક્ષમાયાચના પણ કરી. દુષ્યંત સત્તારૂઢ મોરચામાંથી આઘાપાછા થાય અને કોંગ્રેસ એમને મુખ્યમંત્રી બનાવે તો ભાજપ માટે નીચાજોણું થવાના સંજોગો સર્જાય એટલે મુખ્યમંત્રી

- **પાંચમી જૂનના ત્રણ કેન્દ્રીય અધ્યાદેશો સામે પંજાબના મુખ્યમંત્રીનો વડાપ્રધાન સમક્ષ વિરોધ**
- **વિધાનસભા અને લોકસભામાં અલગ અલગ ભૂમિકાવાળા અકાલી દળને પાછળથી જ્ઞાન લાધ્યું**
- **હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંતે ખેડૂતો પરના લાઠીમાર અંગે માફી માંગી પણ સત્તા સાથે**
- **ખેડૂતો આંદોલનને રાષ્ટ્રવ્યાપી બનાવવાનાં એલાનો છતાં કિસાન સંઘ ઝાઝો સક્રિય જણાતો નથી**
- **ખેડૂતોને ખુલ્લા બજાર અને મોટાં ઉદ્યોગ ગૃહોના ઓશિયાળા બનાવવાને બદલે સમગ્રપણે વિચારાય**

મનોહરલાલે પાણી પહેલાં પાળ બાંધવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૧૯માં હરિયાણાની ચૂંટણીમાં બીજીવાર ભાજપ સરકાર બનાવવા બહુમતી નહીં મળતાં રાજકીય વિરોધી દુષ્યંત ચૌટાલા સાથે ભાજપે સમજૂતી કરવી પડી છે. પંજાબ અને હરિયાણામાં ખેડૂત વર્ગ રાજકીય અને આર્થિક દ્રષ્ટિએ પણ પ્રભાવી છે. જો નાના ખેડૂતોને માથે દેવાં ઘણાં છે. કોઈપણ પક્ષને ખેડૂતોની ખફગી વહોરવાનું પરવડે તેમ નથી.વડાપ્રધાન મોદીએ સંસદમાં દાવો કર્યો કે વિપક્ષ ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે, પરંતુ કોંગ્રેસ, સમાજવાદી પક્ષ, બહુજન સમાજ પક્ષ, તૃણમૂલ કોંગ્રેસ જ નહીં; હવે તો સંઘ પરિવારના કિસાન સંઘને પણ કેન્દ્રના વલણમાં ખેડૂતોના શોષણની શક્યતા વધતી જણાતી હોય અને એ અંગે પુનર્વિચાર કરવાનો આગ્રહ કરાતો હોય તો ખેતીમાં કોર્પોરેટ ગૃહો પ્રવેશવાની અને સંઘરાખોરીની ક્ષમતા વધવાની શક્યતા નકારી શકાય તેવી નથી. ખેતપેદાશોમાં પંજાબ અને હરિયાણાને અવગણવાનું રાષ્ટ્રીય દ્રષ્ટિએ ભારે પડી શકે છે. એટલે માત્ર વિપક્ષોને દોષ આપવો કે પંજાબ અને હરિયાણામાં આડતિયાઓનાં હિત ખાતર આંદોલન કરાવાય છે એવું કહેવું વધુ પડતું છે. રાજ્ય સરકારોને એપીએમસી મારફત થતી આવક ઘટવાના સંજોગો પણ છે. એપીએમસી કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવે અને એના વહીવટમાં પારદર્શકતા લવાય એ અનિવાર્ય છે; પરંતુ ખેડૂતોને કે રાજ્યોને કન્સલ્ટ કર્યા સિવાય મનસ્વીપણે બહુમતીના જોરે કાયદા કરી નાંખવા કે અમલી બનાવવા જતાં લાંબેગાળે એ કૃષિપ્રધાન દેશનું અહિત જ કરશે.

ટેકાના નહીં, પોષણક્ષમ ભાવ

ખેડૂતોની આવક અનેકગણી વધારી દેવાનાં વચનો અગત્સ્યના વાયદા સાબિત થયાં છે. ખેડૂતોના આપઘાત વધતા ચાલ્યાનું કેન્દ્ર સરકારે બહાર પાડેલા સત્તાવાર આંકડા જ પૂરવાર કરે છે. ખેડૂતોને પાક વીમાના કટુ અનુભવ પછી કોર્પોરેટ ખેતીના વિષચક્રમાં અટવાઈ જવાના સંજોગો સંબંધિત ત્રણેય વિધેયકો થકી સર્જાવાની શક્યતા વધુ છે. ખેડૂતોનાં દેવાં માફ કર્યા કરવા કરતાં તેમને નફાકારક ભાવો મળે એવી સંઘ પરિવારના કિસાન સંઘની ભૂમિકા આવકાર્ય છે, પણ નાના ખેડૂતોને ખેતીમાં ખર્ચ કે રોકાણ જેટલા ખેતપેદાશના ભાવ પણ મળતા નથી. ટેકાના ભાવ જાહેર કરીને ખરીદી કરાય છે. ટેકાના એટલે કે ન્યૂનતમ ટેકાના ભાવ કરતાં સ્વામિનાથન સમિતિની ભલામણોના અમલ અન્વયે નફાકારક ભાવ મળે એવી વ્યવસ્થાનું તંત્ર ઊભું કરવાની જવાબદારી સરકારની હોવા છતાં એ માત્ર રાજકીય નિવેદનોમાં જ સમાઈ જાય છે. ૧૯૯૧ પછીના ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના યુગમાં કલ્યાણરાજ્યની કલ્પનાને બદલે ખુલ્લા બજારની નીતિરીતિ અપનાવવા જતાં નાના અને સીમંત ખેડૂતોની શી વલે થશે, એનું પૂરતું ચિંતન અનિવાર્ય બને છે. ખેડૂતોને ખુલ્લા બજાર અને મોટાં ઉદ્યોગ ગૃહોના ઓશિયાળા બનાવવાને બદલે એમના અને દેશના હિતનો સમગ્રપણે વિચાર કરીને કાયદા ઘડવામાં આવે અને સંબંધિત રાજ્યો જ નહીં, ખેડૂત સંગઠનો સાથે પણ પરામર્શ થાય એ અનિવાર્ય છે. બહુમતીના જોરે નિર્ણય કરવા જતાં જનસામાન્યનું અહિત થાય નહીં એ જોવાની જવાબદાર